અરવલ્લી જિલ્લામાં ઉનાળો આકરો બન્યો

મોડાસામાં ગરમીના પ્રકોપથી જિલ્લાની જાણીતી રવિવારી બજારમાં ગ્રાહકો ગાયબ

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા.૧૦

અરવલ્લી જિલ્લામાં ઉનાળાએ વિકરાળ સ્વરૂપ ધારણ કરતા જિલ્લાના પ્રજાજનો, પશુ-પંખીઓ ત્રાહીમામ પોકારી ઉઠયા છે. છેલ્લા પંદર દિવસથી ગરમીનો પારો ૪૨ ડીગ્રીથી નીચે ન ઉતરતાં વાતાવરણમાં ગરમીના પ્રમાણથી પ્રજાજનો શેકાયા છે. જિલ્લાના પ્રજાજનો ગરમીથી બચવા ઘરમાં જાતે જ નજરકેદ રહેવાની સાથે બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. જિલ્લામાં સતત ગરમીનો પારો વધતાં મોડાસા શહેરના બસ સ્ટેન્ડથી ચાર રસ્તા સુધી ભરાતી રવિવારી બજાર જિલ્લામાં જાણીતી હોવા છતાં ઉનાળાના પ્રકોપથી બચવા લોકો ઘરમાં પુરાઈ રહેવાનું પસંદ કરતા રવિવારી બજારના વેપારીઓ લારી ફેરિયાવાળાઓને નુકશાન સહન કરવું પડયું છે.

અરવલ્લી જિલ્લામાં ગરમીએ હવે તેનું પૂર્ણ સ્વરૂપ બતાવતાં જિલ્લાના વાતાવરણમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. સૂર્યના આકરા તાપથી જિલ્લાના પ્રજાજનો તોબા પોકારી ઉઠયા છે. વૈશાખી વાયરા વચ્ચે ગ્રીષ્મની તીવ્ર અસરથી બચવા લોકો હરવા ફરવાનું ટાળી રહ્યા છે.

જયારે અરવલ્લી જિલ્લામાં ગરીબ લોકો, મધ્યમવર્ગીય સમાજમાં ખૂબ જ જાણીતી મોડાસાના મુખ્ય માર્ગો પર ભરાતી રવિવારી બજારને પણ ઉનાળાનું ગ્રહણ લાગતા આજે દિવસભર ઘરાકી ન રહેતાં વેપારીઓની હાલત બગડી ગઈ હતી. ગરીબ વર્ગના લોકો માટે આ રવિવારી બજાર એટલે કોઈ મેગાસીટીનો મોલ જેવું મુલ્ય ધરાવે છે. જયાં તેમને જીવનજરૂરીયાતની તમામ વસ્તુઓ મળી રહેતી હોવાથી અને ક્રિકાયતી દામે વેપારીઓ વેચાણ કરતા હોવાથી મોડાસામાં દર રવિવારે મેળા જેવો માહોલ જામતો હોય છે પરંતુ ગરમીના પ્રકોપથી બચવા ગરીબ વર્ગો પણ આજે રવિવારી બજારમાં ફરકયા ન હતાં. જેથી આજનો દિવસ આ બધા માટે નુકસાની વેઠવાનો દિવસ રહ્યો છે.

મેઘરજના રામગઢીમાં અનાજ અને કરિયાણાની દુકાનમાંથી ચોરી

ઈસરી, તા.૧૦

અરવલ્લી જિલ્લામાં ધાડ પાડવી, ઘરોમાંથી ચોરીઓના થવાના બનાવોમાં ઉનાળાની શરૂઆત થતાં જ એકાએક વધારો જોવા મળી રહ્યો છે ત્યારે મેઘરજ તાલુકાના રામગઢી ગામના અનાજ અને કરિયાણાનો વહેપાર કરતાં વેપારીને ત્યાં ચોરોએ લૂંટફાટ ચલાવી ચોરી કરતાં રામગઢી પંથકમાં તસ્કર ટોળકીના ભયથી ફફડી રહ્યા છે જયારે વેપારીએ ચોરોને ઝડપી પાડવા એક લાખ નેવું હજાર ચોરીની ફરિયાદ મેઘરજ પોલિસ મથકે નોંધાઈ છે.

મેઘરજ તાલુકાના રામગઢી ગામમાં અનાજ અને કરિયાણાનો ધંધો કરતા વેપારીને ત્યાં શુક્રવાર રાત્રે તસ્કરો ત્રાટકયા હતા અને ૧,૯૦,૦૦૦ના અનાજની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મેઘરજના વતની ભાવેશભાઈ ગોપાલચંદ્ર મહેતા રામગઢી ગામે અનાજ અને કરિયાણાનો ધંધો ચલાવે છે અને ખરીદેલો માલસામાન નવરાત્રી ચોક વિસ્તારમાં આવેલ પોતાના મકાનમાં મુકી આવે છે. શુક્રવારે સવારે ગોપાલભાઈ પોતાના કામ માટે ગોડાઉન ખોલતા ગોડાઉનમાં સંગ્રહ કરી રાખેલી તુવેરની બોરી તુટેલી હાલતમાં જોવા મળી હતી જેથી ગોપાલભાઈને ગોડાઉનમાં ચોરી થયાની આશંકા જતાં સંગ્રહ કરેલા માલ સામાનની તપાસ કરતાં તેમના હોશકોશ ઉડી ગયા હતા જેમાં ૨૦ નંગ તુવેરની બોરીઓ જેની બજાર કિંમત ૧ લાખ અને ૫૦ નંગ દિવેલાની બોરીઓ જેની બજાર કિંમત ૯૦ હજારની મળી કુલ ૭૦ નંગ બોરીની ચોરી થઈ હોવાની જાણ થતાં બેબાકળા બની ગયા અને અને ગોડાઉનમાંથી ૧ લાખ ૯૦ હજારની ચોરીની ફરિયાદ મેઘરજ પોલિસે નોંધાવતા મેઘરજ પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ અને તેમની ટીમે તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. રામગઢી ગામમાંથી રાત્રી દરમિયાન ૭૦ નંગ બોરી ચોરાઈ જતાં ગામ લોકોમાં ફફડાટ ફેલાયો હતો. તદઉપરાંત મેઘરજ પોલિસ દ્વારા ઉનાળામાં નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવા માંગ કરી હતી.

પાલનપુરમાં ગુરૂ બ્રાહ્મણ સમાજનો સમૂહ લગ્નોત્સવ ઉજવાયો

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા.૧૦

બનાસકાંઠા જિલ્લામાં વૈશાખી લગ્નોની મૌસમ પુર બહારમાં ખીલી ઉઠી છે. જેમાં વિવિધ સમાજો સમય અને નાણાનો સદઉપયોગ કરવા સમુહલગ્નો યોજી રહ્યા છે. જેમાં દાતાઓ અને સમાજનો સહયોગ સાંપડતા દરેક સમાજ ધીમે ધીમે સમુહલગ્નો તરફ પ્રેરાઈ રહ્યા છે. જેમાં બનાસકાંઠા ગુરૂબ્રાહ્મણ સમાજ દ્વારા સમાજને મદદરૂપ બનવા છેલ્લા પાંચ વર્ષથી સમુહલગ્નોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જે પ્રણાલીને આગળ ધપાવવા આજે પાલનપુર ખાતે આવેલ ગુરૂ બ્રાહ્મણ સમાજના મંગલમ્ શૈક્ષણિક સંકુલ ખાતે સમાજનો પાંચમો સમુહ લગ્નોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં સમાજના ૧૨ નવ યુગલોએ વૈદીક મંત્રોચ્ચાર વચ્ચે અને અગ્નિની સાક્ષીએ સપ્તપદીના સાતફેરા ફરી પ્રભુતામાં પગલા પાડયા હતા. આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત ગુજરાત ગુરૂબ્રાહ્મણ સમાજના પ્રદેશ પ્રમુખ ગૌતમભાઈ ગેડિયા સહીત સમાજના મહાનુભાવોએ નવયુગલોને અંતરના શુભાશિષ પાઠવ્યા હતા. જયારે દાતા દ્વારા કન્યાઓને ઘરવખરી અને દરદાગીનાની ચીજવસ્તુઓ ભેટ સોંગાધમાં આપવામાં આવી હતી. જયારે આ સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવા ગુરૂબ્રાહ્મણ સમાજ બનાસકાંઠાના પ્રમુખ અરવિંદભાઈ ચોરાસીયા અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. જેમને સમાજ બંધુઓએ બીરદાવી સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ દ્વારા સમાજમાં જાગૃતિ લાવવા માટે આ વર્ષે દરેક જિલ્લા કક્ષાએ સમુહ લગ્નોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૫૪૩ જેટલા નવયુગલો લગ્નગ્રંથિથી જોડાશે જેમાં સુરેન્દ્રનગર ખાતે યોજાનાર સમુહલગ્નનું આયોજન માત્ર સ્ત્રીઓ દ્વારા કરવામાં આવ્યું છે. જે નારી શકિતને ઉજાગર કરી રહ્યું છે.

ભારતીય જનતા પાર્ટી સદસ્યતા નોંધણી ૨૦૧૫ અંતર્ગત ગાંધીનગર સ્થિત પ્રદેશ ભાજપ કાર્યાલયશ્રી કમલમ ખાતે તાજેતરમાં કાર્યકર સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ, મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, આર.સી. ફળદુની હાજરીમાં યુવા કાર્યકર હરેશ ચૌધરીનું કુલ ૩૬૮૦૦ સદસ્યોની નોંધણી કરાવતા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. (તસવીર : હરેશ જોષી)

હાઉસીંગ બોર્ડની મહેસાણા યોજનાઓનો કોમ્પ્યુટરાઈઝ ડ્રોનો કાર્યક્રમ યોજાયો

મહેસાણા, તા.૧૦

ગુજરાત હાઉસીંગ બોર્ડ મહેસાણાની એલ.આઈ.જી. ૦૨ના ૬૫ અને એમ.આઈ.જી. ૦૧ના ૧૬ મળી કુલ ૮૧ મકાનોનો ડ્રોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા આયોજીત કોમ્પ્યુટરાઈઝ ડ્રોનો કાર્યક્રમ યોજી લાભાર્થીઓને સંમતિપત્રક આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત ગુજરાત હાઉસીંગ બોર્ડના ડિરેકટર અશોક ચૌધરીએ જણાવ્યુંહતું કે દેશના રાજયો કરતાં ગુજરાતમાં ૪૨ ટકા જેટલું શહેરીકરણ થઈ રહ્યું છે. હાઉસીંગ બોર્ડમાં ગુણવત્તાવાળા મકાન મળે તે દિશામાં સરકાર પ્રયત્નશીલ છે. આગામી ૨૦૧૭ સુધીમાં દરેક પરિવારને ઘરનુંઘર મળી રહે તેદિશામાં રાજય સરકાર પ્રયત્નશીલ છે.

નગરપાલિકા પ્રમુખ રોહિતભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજયના મહિલા મુખ્યમંત્રી આનંદબહેન પટેલ અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી મધ્યમવર્ગીય પરિવારને ઘરનુંઘર મળે તે માટે સરકાર કામ કરી રહી છે. રાજય સરકાર મુખ્યમંત્રી હાઉસીંગ બોર્ડ યોજનામાં ગુણવત્તાવાળા મકાન થઈ રહ્યા છે.

ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા આ સુધી ૧,૭૬,૮૩૦ મકાનો બનાવવામાં આવેલ છે. ૨૦૧૩-૧૪માં પ્રથમ તબક્કામાં ૧૨૨૧૬ આવાસો માટે ૧૪૪૩ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. બીજા તબક્કામાં ૮૦૪૦ આવાસો માટે ૮૮૦ કરોડ ફાળવવામાં આવેલ છે. આ ઉપરાંત ત્રીજા તબક્કામાં ૬૯૫૦ આવાસોના ૪૪૫ કરોડ મંજુર કરાવ્યા છે.

એર કુલર મુકાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગરમીનો પારો દિનપ્રતિદિન ઉંચો આવતા બાબુઓને કચેરીમાં બેસવુ પણ મુશ્કેલ બન્યું છે. આવા સંજોગોમાં પાટનગર યોજના ભવનની વિવિધ ડીવિઝનલ કચેરીઓમાં એર કુલર મુકી દેવાયા છે. જો કે એર કુલર પણ ગરમીમાં કાંઈ વિશેષ રાહત ન આપતા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. પાટનગર યોજના ભવનમાં અંદાજિત ૨૫ જેટલા એર કુલર ગોઠવી દેવાયા છે. ગરમી ઉગ્ર બનતા નગરનુ જનજીવન પ્રભાવિત થયું છે. આવા સંજોગોમાં ગરમીથી બચવા નાગરિકો અનેક નુસખા અજમાવી રહયા છે.

શબ્દાવલી - ૫૭૨૬



આડી ચાવી

૧. હવાલદાર, સિપાહી (૩)
૫. ચર્ચા, ભાંજગડ, તકરાર(૨)
૭. ચળકાટવાળુ, ભભકો (૬)
૯. કચરો, ગંદકી (૨)
૧૦. ફ્રુટ્સ, કેરી-કેળા વગેરે... કહેવાય (૨)
૧૧. પાંદડુ (૨)
૧૨. જંગલ, રાન (૨)
૧૩. મનુષ્યની વિચારવાની ઇન્દ્રિય (૨)
૧૪. જખમી, કામ કે પ્રેમથી પીડિત (૩)
૧૫. મકાન, રહેઠાણ (૨)
૧૬. ભવિષ્ય કથન, ઓળખાણ(૪)
૧૮. કમરનું ઘરેણું, કટી... (૩)
૨૦. લપસવું (૪)
૨૧. ઘી કે તેલને ગરમ કરી તેમાં રાઇ મરચાં વગેરે નાખી... કરાય(૩)

ઊભી ચાવી

૧. પોચટ, ઢીલુ ઢફ (૩)
૨. ... કડવો ખરો પણ ગુણકારી બહુ (૩)
૩. 'કસ'નું ઉંધું (૨)
૪. બ્લેન્કેટ, ધાબળો (૩)
૬. દશ માથાવાળો (૪)
૮. ઘટવું તે, ... કરવું (૩)
૧૧. તુચ્છ, હલકું (૩)
૧૨. વલોપાત, હાયવોય (૫)
૧૪. કાઢઘાલ, પ્રપંચ (૪)
૧૫. અવરોધ, આડું-અવળું થઇ ગયું છે (૪)
૧૭. જરીક, થોડું (૩)
૧૯. જરૂરિયાત (૨)

શબ્દાવલી ૫૭૨૫ના જવાબ

આડી ચાવી :- (૧) પાલવ (૩) તાસીર (૫) તજવીજ (૮) રતન (૯) જનમત (૧૨) બર (૧૩) ખાલીખમ (૧૪) ચાલ (૧૫) વકરો (૧૮) ખટમલ (૨૦) સોડમ (૨૧) શાક

ઊભી ચાવી :- (૧) પાદર (૨) વતન (૩) તાવીજ (૪) સીજન (૬) સૂતર (૮) તકલીફ (૧૦) મબલક (૧૧) પમરાટ (૧૪) ચાવલ (૧૬) રોનક (૧૭) ફાંસો (૧૮) ખલ (૧૯) મજા

મહેસાણા જિલ્લો સુરક્ષા યોજનાઓમાં રાજ્યમાં અગ્રેસર

મહેસાણા, તા. ૧૦

સમગ્ર દેશમાં રાષ્ટ્રના નાગરિકોની સુખાકારી માટે સુરક્ષા યોજનાઓ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ અમલમાં મુકી છે. જેનો દેશ

વ્યાપી પ્રારંભ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી કલકત્તાથી કર્યો હતો. આ પ્રસંગે વડાપ્રધાનશ્રીએ કલકત્તા કાર્યક્રમથી ઓનલાઈન સંબોધન કરી રાજ્યમાં પણ નાગરિકોને વીમા તેમજ પેન્શનની સુવિધાનો લાભ મળે તે માટે રાજ્ય વ્યાપી લોકાર્પણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં મહેસાણા જિલ્લામાં દૂધ સાગર ડેરી હોલ ખાતે નાણાં મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીકાન્ત પટેલ અને રાજ્ય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી વસુબહેન ત્રિવેદીએ કર્યો હતો.

નવીન સામાજિક સુરક્ષા યોજનામાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, પ્રધાન મંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, અને અટલ પેન્શન યોજનાનો પ્રારંભ મંત્રીશ્રી તેમજ મહાનુભાવો દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર રાજ્યમાં મહેસાણા જિલ્લો સુરક્ષા વીમા યોજનાની કામગીરીમાં અગ્રેસર રહ્યો છે. જેમાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનામાં ૩,૭૨,૩૪૫ , પ્રધાનમંત્રી જીવન જ્યોતી વીમા યોજના ૬૩૧૧૧ ફોર્મ ભરાયેલ છે. જિલ્લામાં વીમા યોજના અંતર્ગત ૪,૩૫,૪૫૬ ફોર્મમાંથી ૪.૩૩.૦૧૦ ફોર્મ બેન્કમાંથી જમા કરાવેલ છે. ગ્રામ્ય કક્ષાએ ૩૪૬,૪૦૮ અને શહેરી કક્ષાએ ૮૬૬૦૨ ફોર્મની ભરવાની જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કામગીરી કરી છે જેને અભિનંદન મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યા હતા.

પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના આકસ્મિક મૃત્યુ અને સંપુર્ણ વિકલાંગતાનું જોખમ કવર કરે છે. આકસ્મિક મૃત્યુ તેમજ સંપુર્ણ વિકલાંગતા-અશક્તા માટે ૦૨ લાખ રૂપિયા અને અંશત વિકલાંગતા-અશક્તા માટે ૦૧ લાખ રૂપિયા વીમા ધારક અથવા વારસદારને આપવામાં આવે છે. આ યોજના જાહેર ક્ષેત્રની વીમા કંપનીઓ અને સામાન્ય વીમા કંપનીઓ દ્વારા બેન્ક મારફતે અમલમાં મુકાઈ છે. બેન્ક ખાતુ ધરાવતી ૧૮ થી ૭૦ વર્ષની કોઈ પણ વ્યક્તિ લાભ મેળવી શકે છે. યોજના માટે વાર્ષિક પ્રિમિયમ ૧૨ રૂપિયા રાખેલ છે. જે આધારકાર્ડ અને બેન્ક એકાઉન્ટથી ઓટો ડેબીટ થશે.

બાળકો શોધાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આરોગ્ય વિભાગના જણાવ્યા પ્રમાણે જિલ્લામાં ૩૨ હજાર કરતાં વધુ પ્રસુતિની સંખ્યા નોંધાય છે તેમાં હમણાં સુધારો થયો છે આ સંખ્યા ઘટી છે. પરંતુ બાકીના બાળકો ક્યાં જાય છે ?

બાળ મૃત્યુ દર ગાંધીનગર જિલ્લામાં આટલો ઉંચો નથી ? તંત્ર દ્વારા સર્વેના બદલે અંદાજિત આંકડાઓ અપાતા હોય એવુ લાગી રહ્યુ છે તેવુ આ લોકોનું માનવું છે.

ગાંધીનગર જિલ્લામાં સરકારી પ્રા. શાળાઓના શૈક્ષણિક સ્તરનો મુદ્દો પણ ચર્ચામાં છે. આ ઉપરાંત અહિ જે રીતે ખાનગી સ્કૂલો ચાલી રહી છે તેની સામે સરકારી તંત્ર માત્ર આંકડાઓની રમત કરી રહ્યુ હોવાનું આ સમાજશાસ્ત્રીઓ માની રહ્યા છે.

આ પ્રવેશપાત્ર બાળકોની જે સંખ્યા છે તેમાં શહેરી વિસ્તારના બાળકોનો પણ સમાવેશ થાય છે તેમ શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શિક્ષણ વિભાગ અને આરોગ્ય વિભાગના આંકડાઓના તફાવતને લઈ સર્જાયેલ વિવાદ ઉપરાંત ગુણાત્મક સુધાર માટે પણ શિક્ષણ વિભાગે વિશેષ અભિયાન હાથ ધરવુ જોઈએ તેમ આ સમાજશાસ્ત્રીઓનું માનવુ છે.

રેલીંગ નખાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને તેની વચ્ચે બનાવાયેલી પ્રતિકૃતિઓ આ સર્કલોનું આકર્ષણ બન્યા છે. આ નવા રંગરૂપ હવે અકબંધ બની રહેશે તેવો સંતોષ નગરજનોમાં ઉભો થયો છે. તેમજ મનપા દ્વારા સતત લેવાઈ રહેલી કાળજી પણ ખરેખર લોકોમાં પ્રસંશનીય બની છે. રાજ્યભરમાં ગાંધીનગરના અદ્‌ભૂત અને ભૌગોલિક પરિસ્થિતિ મુજબ ઉભા કરાયેલા સર્કલો ભવિષ્યમાં ઈતિહાસનું સોનેરૂ પુષ્ટ બનવાનુ છે ત્યારે તેની માવજત અને સુંદરતા પ્રત્યે લેવાઈ રહેલાં પગલાં આવકારદાયક બન્યા છે. હાલ રેલીંગ નંખાયા પછી એકદમ આકર્ષક લાગતા સર્કલોની નગરજનો મુલાકાત લઈ શ્રેષ્ઠ ડિઝાઈન માટે તંત્રની પ્રશંસા કરવાનું ચુકતા નથી.

ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છત પર વીજળી, ગુજરાત પ્રથમ ...

સોલાર મિશનમાં ગુજરાત સમગ્ર દેશમાં આગળ પડતું સ્થાન ધરાવે છે અને તેની સાથોસાથ રૂફટોપ સોલાર પાવર એટલે કે આવાસની અગાસી ઉપર સોલાર વીજળી પેદા કરવામાં ગુજરાત દેશમાં પ્રથમક્રમે આવ્યું છે. આખા દેશમાં રૂફટોપ સોલારનું ઉત્પાદન હાલની સ્થિતિએ ૪૧.૨૩ મેગાવોટ થાય છે જે પૈકી એકલું ગુજરાત ૯.૭૫ મેગાવોટ વીજળી પેદા કરે છે. દેશમાં ૭.૫૨ મેગાવોટ સાથે પંજાબ રાજ્ય બીજાક્રમે છે. એનર્જી ડિપાર્ટમેન્ટના એક ઓફિસરે કહ્યું હતું કે ટકાવારી પ્રમાણે જોઈએ તો ગુજરાત દેશમાં ૨૩.૬૪ ટકાનો વિક્રમ હિસ્સો ધરાવે છે. ૪.૪૬ મેગાવોટ સાથે ચંદીગઢ, ૪.૪ મેગાવોટ સાથે તામિલનાડુ, ૩.૮૭ મેગાવોટ સાથે દિલ્હી, ૨.૩૬ મેગાવોટ સાથે આંધ્રપ્રદેશ આવે છે, જયારે પાડોશી રાજ્ય રાજસ્થાનમાં ૦.૩ મેગાવોટ વીજળી પેદા થાય છે. આગામી ત્રણ વર્ષમાં રૂફટોપથી ૨૫ મેગાવોટ વીજળી પેદા કરવાનો રાજ્ય સરકારે દાવો કર્યો છે...

કૈલાસનાથનને વધુ એક ચાન્સ મળશે ...

ગુજરાતના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે.કૈલાસનાથનનો સર્વિસ કોન્ટ્રાક્ટ મે મહિનાના અંતમાં પૂર્ણ થાય છે ત્યારે તેમને વધુ બે વર્ષનું એક્સટેન્શન મળી શકવાની સંભાવના છે. સચિવાલયના સૂત્રો કહે છે કે ૨૦૧૩માં વયનિવૃત્ત થયેલા ૧૯૭૯ બેચના આઈએએસ ઓફિસર કૈલાસનાથનને તેમની કામગીરીની કદર કરીને તત્કાલિન ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ તેમની સીએમઓમાં ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી તરીકેની નવી પોસ્ટ આપી હતી. બે વર્ષથી તેઓ આ પદ પર કાયમ છે, હવે તેમને વધુ બે વર્ષ માટે આ પોસ્ટ ઉપર ચાલુ રાખવાની વિચારણા ચાલી રહી છે. બીજી તરફ ચીફ સેક્રેટરી અને ૧૯૮૧ બેચના આઈએએસ ઓફિસર ડી. જે. પાંડિયન પણ મે મહિનાના અંતે વયનિવૃત્ત થાય છે. દિલ્હીની ખાસ સૂચનાને કારણે તેમને વધુ છ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવે તેવી સંભાવના છે...

મોદી ઇફેક્ટ એક વર્ષ પછી યાદ આવી ...

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મેટ્રો સિટીમાં પ્લાસ્ટીકના કપમાં ચાય પિરસવામાં તેમજ અન્યત્ર વપરાતા હલકા પ્રકારના પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને તેના સારા પરિણામ મળ્યા છે તેથી હવે રાજ્ય સરકાર આવો પ્રતિબંધ આખા ગુજરાતમાં મૂકવા માગે છે. ચાયના કપ ઉપરાંત પાનમસાલામાં વપરાતા પ્લાસ્ટીક, શાકભાજી અને જીવન જરૂરિયાતની વસ્તુઓમાં વપરાતા પ્લાસ્ટીક પર પણ બાન આવી શકે છે. રાજ્યના પ્રવક્તા પ્રધાન નિતીન પટેલે આ જાહેરાત કરી હતી જેના પ્રત્યાઘાત રૂપે સચિવાલયના એક ઓફિસરે કહ્યું હતું કે હલકી ક્વોલિટીના પ્લાસ્ટીક ઉપર બાન મૂકવામાં આવે તે સારી બાબત છે પરંતુ સરકારને આવું કરવાનું એક વર્ષ પછી કેમ યાદ આવ્યું, જયારે લોકસભાની ચૂંટણી દરમ્યાન મોદી અને ભાજપના નેતાઓ ચાય પે ચર્ચા કરતા હતા ત્યારે જ આ પ્રતિબંધ મૂકવાની આવશ્યકતા હતી...

શાળા પ્રવેશોત્સવની પદ્ધતિ બદલાઇ ...

ગુજરાતના શિક્ષણ વિભાગે પહેલીવાર શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીની રીત બદલી છે. નવી રીત પ્રમાણે જયાં લોએસ્ટ ગ્રેડવાળી સ્કૂલો હશે અને શાળા છોડવાનું પ્રમાણ વધુમાં વધુ હશે ત્યાં વધારે ધ્યાન આપવામાં આવશે. કુલ છ દિવસનો આ મહોત્સવ ગ્રામ્ય વિસ્તારમાં ૧૧ થી ૧૩ જૂન અને શહેરી વિસ્તારમાં ૧૮ થી ૨૦ જૂન સુધી યોજાશે. આ વર્ષે સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે ઓફિસરોએ નબળા ગ્રેડવાળી એટલે કે સી અને ડી ગ્રેડમાં આવેલી શાળાઓની ખાસ વિઝિટ કરવાની છે. વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાજ્યભરમાં આવેલી ૩૩,૫૦૦ સ્કૂલો પૈકી ૩૦૦૦ સ્કૂલો નીચલા ગ્રેડમાં આવે છે. આ બન્ને કાર્યક્રમો ઉપર તત્કાલિન ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ ૨૦૦૩માં વિશેષ ધ્યાન આપ્યું હતું અને તેમાં સરકારના આઈએએસ, આઈપીએસ, આઈએફએસ અને અન્ય ઉચ્ચ અધિકારીઓને સ્કૂલોની મુલાકાત લેવાના આદેશ કર્યા હતા, એવા આદેશ આનંદીબેન પટેલની સરકારમાં પણ યથાવત છે...

જગ્યા ભરાય તો ન્યાયમાં વિલંબ ના થાય ...

ગુજરાતની ડિસ્ટ્રીક્ટ અને સબોર્ડિનેટ કોર્ટમાં પેન્ડીંગ કેસોની સંખ્યા ૨૨,૫૧,૧૨૨ થવા જાય છે, જે દેશમાં ચોથા નંબરે છે. સૌથી વધુ પેન્ડીંગ કેસ ૫૭,૧૪,૬૭૫ સાથે ઉત્તરપ્રદેશ ટોચ ઉપર છે. બીજાક્રમે ૨૯,૩૭,૮૪૬ સાથે મહારાષ્ટ્ર અને ૨૫,૮૩,૬૮૫ સાથે પશ્ચિમ બંગાળ ત્રીજાનંબરે છે. નોન પ્રોફિટ ઈન્સ્ટીટ્યુટ ઈન્ડિયા સ્પેન્ડ તરફથી કરવામાં આવેલા સર્વે પ્રમાણે ગુજરાતમાં એપ્રિલ૨૦૧૪ની સ્થિતિએ લોઅર કોર્ટમાં ૭૨૮ ન્યાયાધિશની ઘટ છે. સર્વેમાં કહેવામાં આવ્યું છે કે પ્રતિ મિલિયન વસતિએ ભારતમાં ન્યાયાધિશનો ગુણોત્તર ૧૫ થાય છે જે દુનિયામાં લોએસ્ટ આંકડો છે...

ટેન્ડર હરાજી (બીજો પ્રયત્ન)

નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની ક્વાલીસ ડીઝલ ગાડી નં. GJ 18 G 1458 મોડલ ૨૦૦૨ હાલ જે સ્થળે જે સ્થિતિમાં છે તે હાલતમાં જાહેર જનતા પાસેથી ભાવો મેળવી તા. ૨૨/૫/૨૦૧૫ના રોજ ટેન્ડર પદ્ધતિથી નિકાલ કરવાની હોઈ, ભાગ લેવા ઈચ્છા ધરાવતી વ્યક્તિઓએ રૂ. ૧૦૦/- (બિન ચુકવણીપાત્ર) રોકડા નિયામક વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરીમાં જમા કરાવી તા. ૨૦/૫/૨૦૧૫ના રોજ ૧૫.૦૦ કલાક સુધીમાં ટેન્ડર ફોર્મ મેળવી લેવાના રહેશે.

સહી/-
(કે. ડી. કાપડિયા)
નિયામક, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૩૦૩/૨૦૧૫-૧૬